


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૯૭ | ૭ જાન્યુઆરી, ૨૦૧૭, શનિવાર ; પોષ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦







# સપા-કોંગ્રેસ ગઠબંધનનો તખ્તો તૈયાર

## ગઠબંધનની આગામી સપ્તાહમાં જાહેરાત : અખિલેશ અને રાહુલ આખરી ઓપ આપશે

નવી દિલ્હી,તા. ૬

ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ તમામ રાજકીય પક્ષો પોત પોતાની વ્યુહરચના ઘડી કાઢવામાં લાગી ગયા છે. ચૂંટમીમાં વધુને વધુ સફળતા મેળવી લેવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. આ દિશામાં સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસે ચક્રો ગતિમાન કર્યા છે. મળેલી માહિતી મુજબ સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ ગઠબંધન કરીને આગળ વધી શકે છે. ઉત્તર પ્રદેશમાં ચૂંટણી ગઠબંધનને લઈને રાજયના મુખ્યપ્રધાન અખિલેશ યાદવ અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી આગામી સપ્તાહની શરૂઆતમાં દિલ્હીમાં મળે તેવા સંકેત મળી રહ્યા છે. યાદવ પરિવાર વચ્ચે હાલમાં ચાલેલી લાડાઈમાં અખિલેશના હાથ ઉપર રહ્યા બાદ ગઠબંધનની આશા વધારે દેખાઈ રહી છે. યાદવ પરિવારમાં ચાલેલી લડાઈના કારણે ઉત્તરપ્રદેશમાં હાલમાં ભારે રાજકીય ગરમી જોવા મળી હતી. અખિલેશ પોતાના પિતા મુલાયમ સિંહ સામે જ મોરચો ખોલીને મેદાનમાં આવી ગયા હતા. અખિલેશ નવમી જાન્યુઆરીના દિવસે રાહુલ ગાંધીને મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. ચર્ચામાં પ્રિયંકા વાઢેરાને આવરી લેવામાં આવે તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. સમાજવાદી પાર્ટી સાથે મળીને કોંગ્રેસ તેની સ્થિતીને મજુબત કરવાના પ્રયાસ કરી શકે છે. હાલમાં કોંગ્રેસની હાલત કફોડી છે. બીજી બાજુ સમાજવાદી પાર્ટી યાદવ પરિવારમાં રહેલી લડાઈના કારણે થનાર નુકસાનને ટાળવા અને સત્તા પર રહેવા માટે આ યોજના સાથે આગળ વધવા માંગે છે. સમજુતી મુજબ સમાજવાદી પાર્ટીની સાથે મળીને આગળ વધવાની સ્થિતીમાં કોંગ્રેસ ૯૦-૧૦૫ બેઠકો પર ચૂંટણી લડી શકે છે. અખિલેશ હાલમાં પ્રિયંકા સાથે પણ ફોન પર વાતચીત કરી ચુક્યા છે. વિકેન્ડના પ્રવાસથી રાહુલ ગાંધી સ્વદેશ પરત ફર્યા બાદ આ બેઠક યોજવામાં આવી શકે છે. એક બાબત બિલકુલ સ્પષ્ટ છે કે સમાજવાદી પાર્ટીમાં ચાલી રહેલી લડાઈનો હજુ સુધી અંત આવ્યો નથી. કોંગ્રેસ પાર્ટી પણ પરિસ્થિતીને ધ્યાનમાં લઈને આગળ વધી રહી છે. કોંગ્રેસ અખિલેશ જુથ સાથે રહેવા માંગે છે. કારણ કે આ જુથ સમાજવાદી પાર્ટીના ધારાસભ્યો અને એમએલસી પર પ્રભાવ ધરાવે છે. સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ સાથે આવવાની સ્થિતીમાં મુસ્લિમ મત વધારે આવી શકે છે. આ પ્રકારની ગણતરી કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીના નિષ્ણાંતો દ્વારા કરવામાં આવી રહી છે. બીજી બાજુ માયાવતી મુસ્લિમ સમનુદાયના લોકોને આ વખતે વધારે સંખ્યામાં ટિકિટ આપી ચુક્યા છે અને તેમને પ્રભાવિત કરવાના પ્રયાસ કરી રહ્યા છે. આવી સ્થિતીમાં સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ સાવધાની પૂર્વક આગળ વધવા માટે ઈચ્છુક છે. લઘુમતી સમુદાયના લોકોમાં માયાવતીની લોકપ્રિયતા વધી રહી છે. માયાવતીએ આ વખતે દલિતો કરતા મુસ્લિમ સમુદાયના લોકોને વધારે સીટ આપવા તૈયારી દર્શાવી હતી.

## અખિલેશ-મુલાયમ વચ્ચે સમાધાન માટેના પ્રયાસો જારી

લખનૌ, તા.૬

ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટીમાં ચાલી રહેલી ખેંચતાણ હજુપણ યથાવત રીતે જારી રહી છે. મિટીંગનો દોર ચાલી રહ્યો છે. સમાજવાદી પાર્ટીમાં દેખીતી રીતે ભંગાણની સ્થિતિ સર્જાઈ ગયા બાદ આજે પણ બેઠકોનો દોર જારી રહ્યો હતો.

# કોહલી ટી-૨૦-વન ડે ટીમના કેપ્ટન પદે

## ઈંગ્લેન્ડ સામે રમાનારી વન ડે અને ટ્વેન્ટી મેચ માટે ટીમ જાહેર : યુવરાજસિંહનો ટીમમાં સમાવેશ : ટ્વેન્ટી તેમજ વન ડે ટીમમાં મહેન્દ્રસિંહ ધોની યથાવત રીતે સામેલ : આશિષ નહેરાને ટી-૨૦ ટીમમાં સ્થાન મળ્યું : કોહલી હવે ત્રણ ફોર્મેટમાં કેપ્ટન હશે




મુંબઈ, તા. ૬

ઈંગ્લેન્ડની સામે રમનારી ત્રણ વન ડે મેચો અને ત્રણ ટ્વેન્ટી મેચો માટે ભારતીય ક્રિકેટ ટીમની આજે જાહેરાત કરી દેવામાં આવી હતી. એમએસ ધોનીએ બુધવારના દિવસે એકાએક ટ્વેન્ટી ક્રિકેટ અને વન ડે ક્રિકેટ ટીમના કેપ્ટન તરીકે રાજીનામું આપી દઈને તમામને ચોંકાવી દીધા હતા. ધોનીએ બુધવારે કેપ્ટન તરીકે રાજીનામું આપ્યાના બે દિવસ બાદ ભારતીય ટીમની આજે જાહેરાત કરવામાં આવી હતી. ધારણા પ્રમાણે જ ટીમના કેપ્ટન તરીકે ટેસ્ટ કેપ્ટન વિરાટ કોહલીને જવાબદારી સોંપવામાં આવી છે. વિરાટ કોહલી હવે ત્રણેય ફોર્મેટમાં ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન તરીકે રહેશે. એમએસ ધોની વિકેટ કિપર બેટ્સમેન તરીકે ટીમના હિસ્સામાં રહેશે. યુવરાજસિંહની પણ લાંબા સમય બાદ ટીમમાં વાપસી થઈ છે. ટી-૨૦ ટીમમાં આશિષ નહેરાને પણ સામેલ કરવામાં આવ્યો છે. જયારે યુવરાજસિંહને લાંબા સમય બાદ તક મળી છે.

આ અગાઉ શુક્રવારના દિવસે પસંદગી સમિતિએ નિર્ધારીત સમયે ટીમની પસંદગી કરી લીધી હતી પરંતુ બપોરે દોઢ વાગે યોજાનારી પત્રકાર પરિષદને મોકુફ કરી દેવામાં આવી હતી. આ પત્રકાર પરિષદમાં કમિટીને ચૂંટી કાઢવામાં આવેલી ટીમની જાહેરાત કરવાની જરૂર હતી. પસંદગી સમિતિને એવી પુરી શંકા હતી કે તેમના દ્વારા પસંદ કરવામાં આવેલી ટીમ લોધા કમિટીના ધારા ધોરણો મુજબ રહેશે નહીં. આજ

● અનુસંધાન પાન-૭ પર

# અભિનેતા ઓમપુરીની અલવિદા

## મરને સે પહલે મેરે બાલ ડાઈ કર દેના, આઈ વોન્ટ ટુ ડાઈ યંગ : સમાંતર ફિલ્મોની સાથે સાથે કોમર્શિયલ સિનેમા સુધી અભૂતપૂર્વ સફળતા હાંસલ કરી હતી : ઓમપુરીએ અર્ધસત્યમાં અભિનયની નવી ઉંચાઈ મેળવી

મુંબઈ,તા. ૬

દેશના સર્વશ્રેષ્ઠ અભિનેતામાં સામેલ અને પોતાના ખાસ અવાજના કારણે વધારે જાણીતા રહેલા બોલિવુડ સ્ટાર ઓમપુરીનુ આજે સવારે હાર્ટ અટેક થયા બાદ અવસાન થયુ હતુ. ઓમપુરીના અવસાનના સમાચાર ફેલાતાની સાથે જ બોલિવુડની સાથે સાથે દેશના કરોડો ચાહકોમાં પણ આઘાતનુ મોજુ ફરી વળ્યુ હતુ.ઓમપુરી એવા ખુબ ઓછા અભિનેતામાં સામેલ હતા જે સમાંતર સિનેમાની સાથે સાથે કોમર્શિયલ ફિલ્મોમા પણ સફળતા મેળવી ગયા હતા. ઓમપુરીએ ફિલ્મ અર્ધસત્ય મારફતે અભિનયની નવા સપાટીને સ્પર્શ કરી હતી. આ ફિલ્મમાં યાદગાર ભૂમિકા અદા કરવા બદલ ઓમપુરીને રાષ્ટ્રીય એવોર્ડથી સન્માનિત કરવામાં



● અનુસંધાન પાન-૭ પર

# ભાજપ ઉમેદવારોની યાદી ૧૪મી બાદ જાહેર કરશે

## ફાઈનલ રાઉન્ડ પહેલા પાર્ટીની અંદર યાદીને લઈને મચી જનાર દંગલની ચિંતા ભાજપને હાલમાં સતાવી રહી છે

લખનૌ,તા. ૬

ઉત્તરપ્રદેશમાં ચૂંટણી દંગલને લઈને રણશિંગુ ફુંકાઈ ગયુ છે પરંતુ ભાજપ દ્વારા હજુ તમામ પહેલવાનની ઓળખ કરવામાં વ્યસ્ત છે. હકીકતમાં પાર્ટીને ચિંતા ફાઈનલ રાઉન્ડ પહેલા યાદીને લઈને મચી જનાર દંગલને લઈને પણ છે. જેથી ટિકિટની ફાળવણી તબક્કાવાર રીતે કરવાની નિતી ભાજપ દ્વારા અપનાવવામાં આવી છે. છેલ્લી ઘડીએ યાદી જાહેર કરવામાં આવનાર છે. ભાજપ પોતાના ઉમેદવારોની પ્રથમ યાદી ઉત્તરાયણ અથવા તો ૧૪મી જાન્યુઆરી બાદ જ જાહેર કરી શકે છે. ૧૬મી જાન્યુઆરીના દિવસે પાર્ટીની સંસદીય બોર્ડની મહત્વપૂર્ણ બેઠક યોજાનાર છે. જે બેઠકમાં તમામ પાસા પર ચર્ચા કરવામાં આવનાર છે.

# જીડીપી ગ્રોથ ઘટીને ૭.૧ ટકા રહેવાનો અંદાજ વ્યક્ત થયો

## પ્રતિ વ્યક્તિ રાષ્ટ્રીય આવકમાં વધારો થયો : સીએસઓ દ્વારા આંકડા જારી : મેન્યુફેકચરીંગમાં ગ્રોથ ઘટીને ૭.૪ ટકા અને માઈનીંગમાં ૧.૮ ટકાનો ઘટાડો

નવી દિલ્હી, તા.૬

દેશમાં ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડક્ટ (જીડીપી) ગ્રોથ વર્ષ ૨૦૧૫-૧૬માં ૭.૬ ટકાની સરખામણીમાં વર્તમાન નાણાકીય વર્ષમાં ઘટીને ૭.૧ ટકા રહે તેવી શક્યતા છે. રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પર પ્રતિબંધ મુકાયા બાદ તેની પણ આંશિક અસર જોવા મળશે. જોકે વધારે અસર તેની રહેશે નહીં. આજે જારી કરવામાં આવેલા આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. નોટબંધી બાદ જારી કરવામાં આવેલા સરકારી આંકડામાં જણાવવામાં આવ્યુ છે કે મેન્યુફેકચરીંગ, માઈનીંગ અને કન્સ્ટ્રકશન સેકટરમાં ગ્રોથમાં ઘટાડો જોવા મળશે. આ તમામ ક્ષેત્રોમાં મંદી રહેશે. સેન્ટ્રલ સ્ટેટીસ્ટીક્સ ઓફિસ (સીએસઓ)ના વડા ટીસીએ અનંત દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે જુદા જુદા પાસામાં ચકાસણી કરવામાં આવી છે અને આ આંકડા નવેમ્બર મહિના માટે ઉપલબ્ધ થયા છે. રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદથી તેની અસર આંશિક રીતે જોવા મળી છે પરંતુ તેની સીધી અસર જોવા મળી નથી. માત્ર સાત મહિના માટેના સેકટર આંકડા ઉપર આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. વાસ્તવિક જીડીપી અથવા તો ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડક્ટ (જીડીપી)ને લઈને હજુ પણ ચર્ચા જોવા મળી રહી છે. ૨૦૧૬-૧૭ દરમિયાન જીડીપી ગ્રોથ ૭.૧ ટકા રહી શકે છે જે ૨૦૧૫-૧૬માં ૭.૬ ટકા રહ્યો હતો. રાષ્ટ્રીય આવક અંગે સીએસઓનો અંદાજ રિઝર્વ બેંકના અંદાજ મુજબ જ રહ્યો છે જે જીડીપીના ગ્રોથ કરતા ઓછો દર્શાવવામાં આવ્યો છે.














